Namo Siddhanam Arham Passam Vandami

# SAMYAG GYAN SHALA

## Samyag Gyan Thi Super Star

6, Shanti Niketan Soc, B/h Gujarat College, Nr. Hotel Inder Residency, Ellisbridge, Ahmedabad-380006, Gujarat, India.

# -: પ્રિન્સીપાલ :-

- જે સિધ્ધાંતનું પાલન કરે અને કરાવે તેને પ્રિન્સીપાલ કહે છે.

## (3 પાયાના રોલ)

1. પોતે ટિચર છે - માટે બાળકો સાથેનું એટેચમેન્ટ, કોર્ષની માહિતી.
2. પોતાના ગ્રુપના તથા અન્ય ગ્રુપના અન્ય ટીચર સાથેનો તાલમેલ, અને એટેચમેન્ટ.
3. પોતે માતા છે - આજના બાળકોની જરૂરીયાત તે સમજી શકશે, તેમની રૂચી-અરૂચીનો તે ધ્યાન રાખશે.

- ટીચર્સ, કો-ઓડીનેટર્સ અને બાળકોની જોડતી કડી તેનું નામ પ્રિન્સીપાલ.
- મનની ઉદારતા અને સહજતા અત્યંત જરૂરી છે. સારી રીતે સાંભળો પછી **યોગ્ય અને સર્વના હિતમાં** નિર્ણય લેવો.
- **Great Powers Come with great responsibilities આ વાક્યને ખાસ ઘુંટી લેવું.**
- જેટલી જવાબદારી વધારે, તેટલી નિર્જરા પણ વધારે.

## ➢ Duties of the Principal :

(1) શિક્ષકોનું બર્ડન ઘટાડવું - બધું વ્યવસ્થાપન Systematic થાય તેનું ધ્યાન રાખવું.

(2) દર બે મહિને ટીચર્સની સાથે જોઈન્ટ મિટિંગ કરીને બાળકોની સંખ્યા, કોઈપણ પડતી તકલીફો જાણવી, ગ્રુપના લીડરો એ તેનું અમલીકરણ થાય તેની પ્રેરણા કરવી અને પાઠશાળાની સમસ્યાનું નિરાકરણ કરવું. લીડરો પાસે બે મહીનાનું પ્લાનર બનાવડાવવું, જેની દરેક શિક્ષકને જાણ રહે.

(3) મિટિંગમાં ચર્ચાયેલા નિર્ણયો ચીફ કો-ઓર્ડિનેટર સાથે મળીને અમલમાં મુકવા.

(4) મહિના ના અંતમાં ક્લાસ રજીસ્ટર ચેક કરવા અને તે બરાબર ભરાય છે કે નહીં તેનું ધ્યાન રાખવું અને તે ભરવાથી બાળકોનો સર્વાંગી વિકાસ જાણી શકાય તેમ પણ સમજાવવું જેથી શિક્ષકોને પ્રોત્સાહન મળે.

(5) ઈવેન્ટ મેનેજમેન્ટ કરવું - માતા-પિતાને ઈન્વોલ કરવા - દેરાસરની પિકનિક કરવી. વંદનીય પ્રભાવક નથી - સાધુ સંતો પૂજનીય છે પરંપરા જાળવી રાખવી.

(6) બધાને સાથે રાખીને, વિશ્વાસમાં લઈને કામ કરવું. એકતરફી કે આવેશમાં આવી નિર્ણય લેવો નહી.

(7) પેપર ચેકીંગ, ક્લાસ રજીસ્ટર આદિ કોઈપણ જ્ઞાનશાળાના કાર્યોમાં જો ટીચરો ના પહોંચી શકે ત્યાં સંઘના વડીલોની મદદ લેવી.

(8) ટીચર્સની યુનીટી વધે અને તેમની ભણાવવાની Quality વધે તે જોવું અને તેઓની છણાવટ રસપ્રદ બને તેમ પ્રેરણા આપવી.

(9) ટીચરો પરિક્ષા રેગ્યુલર બેસીસ પર આપે કોઈ ના આપતા હોય તો સચોટ કારણ જાણવું વગર કારણે ના આપે તો શિક્ષકોને બદલી પણ શકાય છે. (ઓપન બુક/આત્મધ્યાન/ શ્રેણી પરિક્ષા)

(10) Sincere અને Intelligent Students નું લીસ્ટ 15- ડિસેમ્બર સુધીમાં શ્રી નિશિથભાઈને મોકલવું અથવા તેઓને What's app કરવું.

(11) બાળકોના માતા પિતા સાથે ના રીલેશન વધે તેવા પ્રયત્ન કરવા.

(12) સંસ્કાર શિબિર માટે બાળકોની ઉત્સુકતા વધે અને જોડાય તેના પ્રયત્ન કરવા. તેઓની જાગૃતતા વધારવી.

(13) જુના બાળકો રેગ્યુલર થાય અને નવા બાળકો જોડાય તેનો પ્રયત્ન કરવો. જો કોઈ બાળક જ્ઞાનશાળામાં આવતો બંધ થાય તો તેને સમજાવી Join કરવો.

(14) દર મહીને એક નવી ગેમ અને એક પાઠની ગેમ ઓછામાં ઓછી રમાય તેનું ધ્યાન રાખવું.

(15) મિનિટ ઓફ ડીસ્કશન :- એટેન્ડ નથી થયા તેના માટે. જો કોઈ શિક્ષક મિટિંગમાં હાજર ન હોય તો તેની સાથે મળીને મિટિંગની ચર્ચા કરવી અને સાર કહેવો, અને ફરીવાર તેને મિટિંગમાં અચુક હાજર રહેવા ધ્યાન દોરવું.

(16) કો-ઓર્ડીનેટર ને કોઈ સૂચન કરવાનું હોય તો તે સજેશન રૂપે આપી શકે છે, બાકી કો-ઓર્ડીનેટરનો નિર્ણય આખરી રહેશે તથા કો-ઓર્ડીનેટર દરેકને સોંપેલ કાર્યના રિપોર્ટ માંગી શકે છે. (કો-ઓર્ડીનેટર એટલે પ્રિન્સિપાલ)